ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



ત્રણ ફળિયાઓ મળી કુલ આશરે 700 લોકોની વસ્તી રહે છે, એક માસથી શુદ્ધ પાણી ન મળતા ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા

## નસવાડી તાલુકાના જૂના તણખલા ગામે પાણી પુરવઠા વિભાગની બેદરકારીથી એક માસથી પાણી બંધ

**આશરે** 700 જેટલા લોકો પાણી વિના હેરાન પરેશાન



(પ્રતિનિધિ) નસવાડી, તા.25

નસવાડી તાલુકાની સાંકળ (તણખલા) ગ્રામપંચાયત હેઠળ આવેલા જૂના તણખલા ગામે પાણી પુરવઠા વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. છેલ્લા એક માસથી ગામના સંપમાં ફિલ્ટરવાળું શુદ્ધ પાણી ન આવતાં આશરે 700 જેટલા લોકો પાણી વિના હેરાન પરેશાન બન્યા છે.

જૂના તણખલા ગામમાં પોચંબા પાણી પુરવઠા યોજનાના અંતર્ગત અગાઉ ફિલ્ટરવાળું શુદ્ધ પાણી ઉપલબ્ધ હતું. પરંતુ પાણી પુરવઠા વિભાગ દ્વારા તણખલા તરફથી આવતી જૂની પાણીની પાઈપલાઈન બંધ કરી દેવામાં આવી છે અને જાંબુઘોડા તરફથી નવી પાઈપલાઈન નાખવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જોકે, નવી લાઈનની કામગીરી પૂર્ણ થવા પહેલા જ જૂની પાઈપલાઈન બંધ કરી દેવામાં આવતા છેલ્લા એક માસથી ગામના સંપમાં પાણી આવતું બંધ થઈ ગયું છે.

ગામમાં ત્રણ ફળિયાઓ મળી કુલ આશરે 700 લોકોની વસ્તી રહે છે. એક માસથી શુદ્ધ પાણી ન મળતા ગ્રામજનો ભારે મુશ્કેલીમાં મુકાયા છે. બીજી તરફ ગ્રામ પંચાયતના વોટરવર્ક્સના બોર હોવા છતાં ઉનાળાની શરૂઆત સાથે જ બોરનું જળસ્તર ઘટવા લાગ્યું છે, જેના કારણે આવનારા દિવસોમાં પાણીની ગંભીર કટોકટી સર્જાવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

આ મુદ્દે સરપંચ દ્વારા પાણી પુરવઠા વિભાગના અધિકારીઓને વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવાયા નથી. ગ્રામજનોનો આક્ષેપ છે કે પાણી પુરવઠા વિભાગ દર વર્ષે પાણી પહોંચાડવા માટે કોન્ટ્રાક્ટરને કરોડોની ગ્રાન્ટ આપે છે, પરંતુ પ્રજાહિતમાં કામગીરી થતી નથી. કોન્ટ્રાક્ટર અને અધિકારીઓની મિલીભગતના કારણે ગામજનોને મુશ્કેલી સહન કરવી પડી રહી છે.

ગ્રામજનોમાં આ મુદ્દે ભારે રોષ ફેલાયો છે. લોકો દ્વારા રજૂઆત કરવા છતાં અધિકારીઓ સાંભળતા ન હોવાના આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. કેટલાક લોકોએ અધિકારીઓ રાજકીય વગ ધરાવતા હોવાથી જવાબદારીથી બચતા હોવાનો પણ આક્ષેપ કર્યો છે.

બોડેલી તાલુકા માંથી પસાર થતી મેરિયા નદી ઉપર

## અમલપુર-ગડોથ વચ્ચે બ્રિજ કે નાળું બનાવવાની સ્થાનિકોની માંગ

(પ્રતિનિધિ) બોડેલી, તા.25

બોડેલી તાલુકા માંથી પસાર થતી મેરીયા નદી પર અમલપુર, ગળોથ વચ્ચે આવેલ મેરિયા નદી પર ચોમાસાની ઋતુમાં પડતી અગવડ ને લઈ બ્રિજ કાંતો નાળું બનાવવા માટેની સ્થાનિકોની માંગ ઉઠી છે.

બોડેલી તાલુકાના અંદાજિત 20 જેટલા ગામો આ જગ્યાએ બ્રિજ બનતા ખૂબ જ ટૂંકો રસ્તો થઈ શકે એમ છે વિદ્યાર્થીઓ સહિત રોજિંદા જીવન જરૂરિયાત ને પગલે તેમજ ઈમરજન્સી સેવાઓ પૂરી પાડતા વાહન ચાલકો ને અવરજવર કરતા ચોમાસા દરમિયાન ખુબજ કઠીન પરિસ્થિતિ નો સામનો કરવો પડે છે.



વધુ ફેરા સાથે સમય દૂર ઉપયોગ થાય છે મોટી બુમડી પંથકના દસ ગામને જોડતા અમલપુર ગડોથ રોડ ની વચ્ચે થી પસાર થતી મેરીયા નદીના 300 મીટરના પટમાં છલીયું નાળું કે બ્રિજ બનાવવા માટે સ્થાનિક રહીશો માંગ કરી રહ્યા છે અમલપુર અને ગડોથ વચ્ચે માત્ર મેરીયા નદીનું જ અંતર છે આ નદી ઉપર બ્રિજ કે છલીયું નાળુ બનાવવામાં આવે તો બુમડી તથા ધોળીવાવ પંથકના 10-10 ગામો મળી 20 ગામો સહિત અન્ય અનેક ગામોના લોકોને સીધા રસ્તાનો લાભ મળી શકે તેમ છે સ્થાનિકોના જણાવ્યા અનુસાર અહીં બ્રિજ બનાવવા માટે ઉચ્ચકક્ષાના રાજકીય નેતાઓ તેમજ વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને અનેક વાર રજૂઆત કરી છે તેમ છતાં પાછલા ઘણા સમયથી અહીંની જનતા ને વધુ ફેરા સાથે સમય ની કોઈને પરવા નથી અહીં બ્રિજ કે છલિયુ નાળુ બનાવવામાં આવે તો આ 20 ગામો સહિત સેંકડો વાહન ચાલકોને સીધા રસ્તાનો લાભ મળી શકે તેમ છે લાગતા વળગતા આ અંગે પોતાનું ધ્યાન કેન્દ્રિત કરી અમલપુર ગડોથ વચ્ચે મેરીયા નદી ઉપર બ્રિજ કે નાળુ બનાવે તેવી આજે લોક માંગ ઉઠી છે.

## સ્વ. સમીર શાહની 22 પુણ્યતિથિ નિમિતે જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ અને સ્પોર્ટ્સ ડેનું આયોજન

**આરંભે** સ્વ. સમીર શાહને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી




(પ્રતિનિધિ) સંખેડા, તા.25

છોટાઉદેપુર જિલ્લાની નામાંકિત શાળા ડી. બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલ સંખેડા ખાતે સ્વ. સમીર શાહની ૨૨મી પુણ્યતિથિ નિમિતે વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપતા જ્ઞાનવર્ધક સ્પર્ધાઓ તથા સ્પોર્ટ્સ ડેનું ભાવપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

શાળાના ભૂતપૂર્વ આચાર્ય સ્વ. સી. એમ. શાહના પૌત્ર અને અમેરિકા નિવાસી હર્ષદભાઈ શાહ તથા ગીતાબેન શાહના સુપુત્ર સ્વ. સમીર શાહનું તા. ૨૬-૦૨-૨૦૦૪ના રોજ મિત્રો સાથે વિદેશ પ્રવાસ દરમિયાન ક્યુબા નજીક ટાપુઓ પાસે દરિયાના મોજાંની વમળોમાં ૨૭ વર્ષની યુવા વયે આકસ્મિક અવસાન થયું હતું. તેમની પાવન સ્મૃતિને ચિરંજીવ રાખવાના શુભ આશયથી પરિવાર દ્વારા વર્ષોથી શાળા અને વિદ્યાર્થીઓ માટે વિવિધ શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. કાર્યક્રમના આરંભે સ્વ. સમીર શાહને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

શાળાના આચાર્યશ ચિરાગ શાહે દાન, પરોપકાર અને સેવાભાવના મહત્ત્વ અંગે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપતાં જણાવ્યું હતું કે, માનવજીવનમાં સહાયભાવ અને સકારાત્મકતા જ સાચી પ્રગતિનો માર્ગ દર્શાવે છો વિદ્યાર્થીઓમાં જ્ઞાન, સર્જનાત્મકતા અને જીજ્ઞાસા વધે તે હેતુથી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં મેમરી ગેમ, શ્રુતલેખન, સ્પેલિંગ સ્પર્ધા, સામાન્ય જ્ઞાન સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા તેમજ મનોરંજક રમતોમાં ફુગ્ગા સ્પર્ધા, લીંબુ-ચમચી દોડ, કોથળા દોડ, સ્લો સાયકલ, સંગીત ખુરશી, બુક બેલેન્સિંગ અને એક મિનિટ સ્પર્ધા સહિત અનેક પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

છોટાઉદેપુર માળી સમાજ દ્વારા આવેદન પત્ર

## જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેને ભારત રત્ન આપવાની માંગ

**ડૉ. બાબાસાહેબ** આંબેડકરે મહાત્મા જ્યોતિરાવ ફૂલેને પોતાના ગુરુ માન્યા હતા



(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.25

મહાત્મા જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલે એક એવું વ્યક્તિત્વ કે જેમને પોતાનું સમગ્ર જીવન પછાત, દબાયેલા, કચડાયેલા વર્ગને યોગ્ય સ્થાન અને ન્યાય અપાવવા માટે ન્યોછાવર કરી દીધું અને તેમની ઉન્નતી અને પ્રગતિ માટે સમગ્ર જીવન ખર્ચી નાખ્યું. ભારત દેશના બંધારણના ઘડવૈયા એવા મહામાનવ વિશ્વ વિભૂતિ ડો. બાબાસાહેબ આંબેડકરે મહાત્મા જ્યોતિરાવ ફૂલેને પોતાના ગુરુ માન્યા હતા. માતા સાવિત્રીબાઈ ફૂલે તેજસ્વી, અનેરૂ ઉમદા વ્યક્તિત્વ કે જેમને મહિલાઓ દ્વારા વિદ્યાની દેવી તરીકે નવાજેલ. મહાત્મા જ્યોતિરાવ ફૂલે દ્વારા પોતાની પત્ની સાવિત્રીબાઈને શિક્ષિત બનાવી અને સાવિત્રીબાઈ ફૂલે અખંડ ભારતના પ્રથમ મહિલા શિક્ષિકા બન્યા અને તેઓએ મહિલાઓને ભણાવવા માટે પ્રથમ મહિલા સ્કૂલ ખોલી અને સમય જતાં મહિલાઓ માટે બીજી ૧૭ સ્કૂલો ચાલું કરી.

## ભાદરણ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા ફાર્મા કંપનીનો ઔદ્યોગિક પ્રવાસ

(પ્રતિનિધિ) પાદરા, તા.25

ભાદરણ કોલેજના રસાયણશાસ્ત્ર વિભાગના વિદ્યાર્થીઓ દ્વારા એપોથી કોણ ફાર્મા કંપનીનો ઔદ્યોગિક પ્રવાસ 25 મી ફેબ્રુઆરી ના રોજ કરવામાં આવ્યો. તમામ પ્રવાસનું આયોજન પ્રાધ્યાપક રસજ્ઞ ભટ્ટ તેમજ હરેન્દ્રસિંહ સિસોદિયા દ્વારા કરવામાં આવ્યું. ઔદ્યોગિક પ્રવાસનો હેતુ સૈદ્ધાંતિક શિક્ષણ અને પ્રાયોગિક જ્ઞાન વચ્ચે સેતુ રૂપ બનવાનો છે.



આવા પ્રવાસ થી વિદ્યાર્થીઓમાં રચનાત્મક કાર્યશીલતા નો વિકાસ થાય તેમજ મોટીવેશન મળે એ રીતે છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રવાસના ત્રણ દિવસ પહેલા વિદ્યાર્થીઓને ફાર્મા કંપનીના વિવિધ વિભાગના હેતુ તેમજ અમલીકરણ, ઉપરાંત વિવિધ દેશોના નિયમન અને એમની માર્ગદર્શિકા વિશેની માહિતી ભાદરણ કોલેજ એલમની કમિટી દ્વારા આપવામાં આવી હતી.

ઓરિએન્ટેશન પ્રોગ્રામ ની શરૂઆત એચઆર અને એડમિનિસ્ટ્રેટિવ હેડ અજય પટેલ દ્વારા કરવામાં આવી હતી. તેમણે કંપનીની બેઝિક માહિતી આપી, કંપનીના અલગ અલગ ડિપાર્ટમેન્ટ વિશે સમજાવ્યું, આ ઉપરાંત રેગ્યુલેટરી અફેર્સ, કોલેટી કંટ્રોલ, કોલેટી એશ્યોરન્સ, એનાલિટિકલ ડેવલોપમેન્ટ લેબોરેટરી, લાર્જ સ્કેલ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ વિશે સારી એવી માહિતી ત્યાંના તજજ્ઞો દ્વારા આપવામાં આવી. આ ઉપરાંત અલગ અલગ ડિપાર્ટમેન્ટમાં એનાલિસિસ માટેના સેન્સેટિવ ઈન્સ્ટ્રુમેન્ટ બતાવવામાં આવ્યા. એ સમજાવવામાં આવ્યું કે આવનારા સમયમાં ભારતીય ફાર્મા કંપનીઓને ક્યાં જોઈ શકાય છે.

## ટ્રાફિકમાં અડચણરૂપ લારી-ગલ્લાઓ હટાવાયા, હોળી પહેલા કાર્યવાહીથી વેપારીઓમાં રોષ

**હોળી** જેવા પવિત્ર તહેવારમા માંડ માંડ ઘરાકી ખુલી ત્યાં વહીવટી તંત્રના આવા પગલાંઓથી વેપારીઓમા રોષ



(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.25

જેતપુરપાવી શહેરમાં વધતી ટ્રાફિક સમસ્યાને ધ્યાનમાં રાખીને તાલુકા વહીવટી તંત્ર દ્વારા આડેધડ પાર્ક કરાયેલા વાહનો અને રસ્તા પર અડચણરૂપ રીતે ઉભી રાખવામાં આવેલા લારી-ગલ્લાઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. શહેરના મુખ્ય માર્ગો અને બજાર વિસ્તારોમાં લાંબા સમયથી ગેરવ્યવસ્થિત પાર્કિંગને કારણે વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો હતો. જોકે, હોળી પહેલા થયેલી આ કામગીરીથી વેપારીઓ નારાજ થયા હતા.

તંત્ર દ્વારા વિશેષ ડ્રાઈવ યોજી ગેરકાયદે પાર્ક કરાયેલા વાહનોને હટાવવામાં આવ્યા હતા તેમજ કેટલાક લારીધારકોને સ્થળ પરથી હટાવવાની તાકીદ કરવામાં આવી હતી. ભવિષ્યમાં ટ્રાફિક નિયમોનું પાલન ન કરનારાઓ સામે દંડાત્મક કાર્યવાહી કરવાની ચેતવણી પણ આપવામાં આવી હતી.

જોકે, સ્થાનિક વેપારીઓમાં આ પગલાંને લઈને નારાજગી જોવા મળી હતી. જેતપુર પાવી નજીક સિંહોદનો બ્રિજ તૂટી જવાથી છેલ્લા લગભગ ત્રણ વર્ષથી વેપાર-ધંધા પર પ્રતિકૂળ અસર પડી છે. હવે હોળી જેવા પવિત્ર તહેવાર દરમિયાન માંડ માંડ ગ્રાહકોની અવરજવર વધતી હોવાના સમયમાં તંત્રની આ કાર્યવાહીથી વેપારીઓમાં રોષ ફાટી નીકળ્યો હતો. વેપારીઓનું કહેવું છે કે તંત્રે વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના અચાનક પગલાં લેતાં તેમની રોજીરોટી પર અસર પડી રહી છે.

માર્ગ અને મકાન વિભાગ તરફથી બે દિવસમાં વૈશ્વિક દબાણ દૂર કરવા નોટિસ

## બોડેલીના રેલવે ફાટક પર ના બન્ને તરફના દબાણો દૂર કરવા તંત્ર દ્વારા નોટિસ અપાઈ

**રૂ. 53** કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજ બનાવવાની કામગીરી



(પ્રતિનિધિ) બોડેલી, તા.25

છોટાઉદેપુર જિલ્લા ના બોડેલી નગર માંથી પસાર થતો રાષ્ટ્રીય ધોરીમાર્ગ અને 56 નબર હાઈવે પર આવેલી છોટાઉદેપુર રોડ પર બંને તરફ ના દબાણો દૂર કરવા તંત્ર દ્વારા તજવીસ હાથ ધરવામાં આવી છે. સ્વ :તત્કાલીન મુખ્યમંત્રી વિજય રૂપાણી નો કાફલો ફસાયા બાદ રેલવે ઓવર બ્રિજ બનાવવા જાહેર કરવામાં આવી હતી પરંતુ તંત્ર ની આંટીઘૂંટી માં ફસાયા બાદ તંત્ર ફરી એકવાર ઓવર બ્રિજ ની કામગીરી ને લઈને સક્રિય બનતા ઢોકલીયા રેલવે ફાટક ખાતે લાંબા સમયથી ઉભી રહેતી ટ્રાફિક સમસ્યાનો અંત લાવવા હવે તંત્ર દ્વારા ગતિ વિધિ મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે.

અહીં રૂ. 53 કરોડના ખર્ચે રેલવે ઓવરબ્રિજ (ROB) બનાવવાની કામગીરી ટૂંક સમયમાં શરૂ થનાર હોવાથી માર્ગ અને મકાન વિભાગ (R|B) દ્વારા માર્ગની બન્ને બાજુ આવેલા દુકાનદારોને દબાણ દૂર કરવા માટે નોટિસ ફટકારવામાં આવી છે. પ્રાપ્ત માહિતી અનુસાર, છોટાઉદેપુર-વડોદરા રાજ્ય માર્ગ પર આવેલા આ વ્યસ્ત રેલવે ફાટક પર દિવસ દરમિયાન અંદાજે 8 થી 10 વખત ફાટક બંધ થતો હોવાથી વાહનોની લાંબી કતારો લાગી જાય છે.

જેના કારણે કલાકો સુધી ટ્રાફિક જામ સર્જાઈ રહે છે અને વાહનચાલકોને સમય તથા ઈંધણનો મોટો બગાડ સહન કરવો પડે છે. ઘણીવાર એમ્બ્યુલન્સ અને ફાયર બ્રિગેડ જેવી ઈમરજન્સી સેવાઓ પણ ટ્રાફિકમાં ફસાઈ જતી હોવાની ફરિયાદો સામે આવી છે. માર્ગ અને મકાન વિભાગ બોડેલી દ્વારા છોટાઉદેપુર રોડ પર રેલવે ફાટકની આજુબાજુ આવેલા દુકાનદારોને બે દિવસની અંદર દબાણ દૂર કરવા ચેતવણી આપવામાં આવી છે. જો સમયમર્યાદામાં દબાણ દૂર નહીં કરવામાં આવે તો વિભાગ દ્વારા કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી પણ જાણ કરવામાં આવી છે.

પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના અંગેનો સેમિનાર સંપન્ન

## વડોદરા જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો યોજાયો

**100થી** વધુ ઉમેદવારોની પ્રાથમિક પસંદગી



(પ્રતિનિધિ) વડોદરા, તા.25

રાજ્યના યુવાનોને સ્થાનિક કક્ષાએ રોજગારી અને કૌશલ્ય વર્ધનની તકો ઉપલબ્ધ કરાવવાના ઉમદા આશય સાથે વડોદરાની મદદનીશ રોજગાર નિયામકની કચેરી દ્વારા આજે તરસાલી સ્થિત આઈ.ટી.આઈ. કેમ્પસ ખાતે જિલ્લા કક્ષાનો ઔદ્યોગિક રોજગાર અને એપ્રેન્ટીસ ભરતી મેળો તેમજ સ્વરોજગાર માર્ગદર્શન શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ અંતર્ગત પ્રધાનમંત્રી વિકસિત ભારત રોજગાર યોજના વિષયક વિશેષ સેમિનારનું પણ આયોજન કરી ઉપસ્થિત ઉમેદવારોને કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓથી અવગત કરવામાં આવ્યા હતા.

આ ભરતી મેળામાં વડોદરા જિલ્લાના ૧૧ જેટલા પ્રતિષ્ઠિત નોકરીદાતાઓ દ્વારા વિવિધ ૨૩૯ જગ્યાઓ માટે પ્રત્યક્ષ ઈન્ટરવ્યુની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ મેળામાં જિલ્લાના એસ.એસ.સી., એચ.એસ.સી., આઈ.ટી.આઈ., ડિપ્લોમા તેમજ સ્નાતક (બી.કોમ/બી.બી.એ./બી.એસસી.) શૈક્ષણિક લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષની વયના આશરે ૧૫૦ જેટલા મહિલા અને પુરુષ ઉમેદવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સઘન પસંદગી પ્રક્રિયાના અંતે, કુલ ૭૨ ઉમેદવારોની રોજગારી માટે, ૧૫ ઉમેદવારોની એપ્રેન્ટીસ તરીકે અને ૧૪ ઉમેદવારોની ફ્રી સ્કિલ તાલીમાર્થી તરીકે પ્રાથમિક પસંદગી કરવામાં આવી હતી.

## પોલીસ ભરતી પ્રક્રિયા દરમિયાન મહિલા PSI પર થયો હુમલો

**ઉમેદવારે** ખાખી વર્દીમાં કોલર પકડી ઝીંક્યો લાફો

(પ્રતિનિધિ) ભરૂચ, તા.25

ભરૂચના પોલીસ હેડ ક્વાર્ટર ખાતે ચાલી રહેલી પોલીસ ભરતી પ્રક્રિયા દરમિયાન એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. ભરતીમાં આવેલા એક યુવાને ફરજ પરના મહિલા પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) પર હુમલો કરતા પોલીસ વર્તુળોમાં ભારે ખળભળાટ મચી ગયો છે.આ મામલે ભરૂચ શહેર બી ડિવિઝન પોલીસ મથકે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ભરૂચ પોલીસ હેડ ક્વાર્ટરના ગ્રાઉન્ડમાં હાલ પોલીસ ભરતીની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે વિવિધ શાખાઓના પોલીસ અધિકારીઓ તૈનાત કરવામાં આવ્યા છે. ભરૂચ પોલીસની એમ.ઓ.બી. (MOB) શાખાના મહિલા PSI ઈલાબેન રાહુલ ચાંદ્રા (ઉ.વ.46) મૂળ રહે- ઓફિસર ક્વાર્ટર,પોલીસ હેડ ક્વાર્ટસ,ભરૂચ રહે-ડુંગરી,તા-માંગરોળ,જી-સુરત મેડિકલ તંબુ પાસે યુનિફોર્મ પહેરીને પોતાની ફરજ બજાવી રહ્યા હતા. તા.24મી ફેબુઆરી 2026નાં રોજ ભરતીમાં આવેલો સુરત જીલ્લાના બારડોલીમાં C/179- કેશરકુંજ રેસીડન્સી, ગાંધીરોડ ખાતે રહેતો દર્શિત જયદેવ ગઢવી નામનો શખ્સ તંબુ પાસે ઉભા રહીને અપશબ્દો બોલી રહ્યો હતો. જેને લઈને તેઓ કહ્યું કે ભાઈ અહીં ખરાબ ગાળો બોલાવાનું બંધ કર અહીંયા છોકરીઓ છે.

બાઇક સ્લિપ થતાં પિકઅપ વાહન નીચે કચડાયો

## ધો.10માની "હોલ ટિકિટ" લેવા જતાં વિદ્યાર્થીને કાળ ભરખી ગયો

**CCTV** ફૂટેજમાં કેદ થયો અકસ્માતનું દ્રશ્ય, ટેમ્પો ચાલક ફરાર





(પ્રતિનિધિ) ભરૂચ, તા.25

સાગબારા તાલુકામાંથી એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. સીમઆમલી ગામનો ધોરણ-12ની બોર્ડની પરીક્ષા માટે "હોલ ટિકિટ" લેવા જતા એક વિદ્યાર્થીનું બાઈક રોડ પર સ્લિપ થતાં પિકઅપ ટેમ્પો નીચે કચડાઈ જતા ઘટનાસ્થળે જીવ ગુમાવી દીધો હતો.

સાગબારા તાલુકાના સીમઆમલી ગામે રહેતો તનીષકુમાર કિશનભાઈ વસાવા (ઉં.વ. આશરે 17) ધોરણ-10માં રીપીટર તરીકે અભ્યાસ કરતો હતો. મંગળવારે વહેલી સવારે પોતાની બાઈક લઈને સાગબારા ખાતે આવેલી નવરચના હાઈસ્કુલમાંથી પોતાની હોલ ટિકિટ લેવા માટે નીકળ્યો હતો. સવારે આઠ વાગ્યાના અરસામાંસીમઆમલી જવાના માર્ગ પર આવેલા એક વળાંક પરથી પસાર થઈ રહ્યો હતો, ત્યારે તેની બાઈક અચાનક સ્લિપ ખાઈ જતા રોડ પર પટકાયો હતો. આ વેળા સામેથી આવી રહેલો એક પિકઅપ ટેમ્પામાં પાછળનું ટાયર આ વિદ્યાર્થી ઉપર ચઢી ગયો હતો. ગંભીર ઈજા થતાં જ તનીષ વસાવાનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું હતું.

અકસ્માત બાદ ટેમ્પો ચાલક વાહન સાથે ઘટના સ્થળેથી રફુચક્કર થઈ ગયો હતો. આ કરુણ ઘટના નજીકની એક દુકાનના CCTV કેમેરામાં કેદ થઈ ગઈ હતી. ઘટનાની જાણ થતાં આસપાસના લોકો દોડી આવ્યા હતા અને યુવકને તાત્કાલિક સાગબારા CHC ખાતે તો લઈ ગયા પણ તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.